

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ટીબી-ડેંગ્યુ જેમ, કાયમ માટે, સાચવી રાખ્યા છે!*
*એમ, 'કોરોના' પણ નાખો વખારે જ્યાં નાખ્યા છે*
*કરી ધો કાયદા કાગળ પર દારૂબંધી જેવા -*
*સંક્રમણ અને મૃત્યુ, ગણી ગણી હવે થાક્યા છે...*

### હાઈકુ

*ભરાયો પગ*
*કોરોના કુંડાળામાં -*
*કોઈ બચાવો !*
*(થાવ આત્મનિર્ભર!)*

*ગૂલાંટો ખાઈ -*
*આવી ગયા ચક્કર -*
*કે પોતે છે ક્યાં ?*
*(શ્રી કાકડીયાના લોચા)*

### ચિંતન

*રંગ હિ તે રંગ ઉપજે, સબ રંગ દેખી એક,*
*કૌન રંગ હૈ જીવ કા, તાકર કરહુ વિવેક.*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

મનુષ્ય દેહમાં રહેલ જીવને લલચાવવા ત્રિગુણી માયા પોતાની જાળ ફેલાવી જ બેઠી છે. તેના લોભામણાં મોહક રુપ અને રંગમાંથી અનેક રંગોની ઉત્પત્તિ થાય છે. તેમનાં મુખ્ય રંગ છે કામ, મોહ, વાસના અને લોભ. આવા રંગો કોઈને કોઈ પ્રકારે આવી મનુષ્ય દેહમાં ચૂપચાસ વસી જાય છે. કામ અને વાસનાના રંગો મનુષ્યના મન મસ્તક પર કબ્જો જમાવી બેસી જાય છે અને પછી પૃથ્વી પર એકમાંથી અનેક જીવોની ઉત્પત્તિ થાય છે અને તે જીવ મનુષ્ય દેહધારણ કરે છે. આ શરીરરુપી યંત્રને ચલાવવા વાળો મંત્રી તો અજ્ઞાન અને અભિમાનરુપી દુર્ગુણોથી રંગાઈ ગયો છે. કબીર કહે છે કે એ બધા રંગો અને દુર્ગુણોથી નિવૃત્ત થાય તો જ તે મોક્ષ ગતિ પ્રાપ્ત કરે પણ એ જીવરુપી મંત્રીને આવા કુસંગોથી મુક્ત કરવા મનુષ્યે મન લગાવી પ્રયત્ન કરવો જોઈએ. કોશિસ કરવાથી જરૂર સફળ થવાશે.

### સુવિચાર

- તલાશ મેં બિત ગઈ સારી જિંદગી, અબ સમજ મેં આયા કિ,
  ખુદ સે બડા કોઈ હમસફર નહીં હોતા - **આનંદ પ્રસાદ**
- જળ વરાળરુપે પરિવર્તન પામે તો વાદળ બને,
  વ્યક્તિ કરુણારુપે પરિવર્તન પામે તો માણસ બને - **આચાર્ય વિજયરાજ રત્નસૂરી**
- ધારેલું ન મળે, મળેલું ન ગમે, ગમેલું ન ટકે, એને કહેવાય જીવન - **અમૃતવાણી**
- કરણીથી ઊભા કરેલા રોગને મેડિકલની ગોળી કામ ન આવે - **ધર્મલોક**
- કંકુ કપાળે શોભે, મેશ આંખમાં શોભે,
  બુટ પગમાં શોભે, પાઘડી માથામાં શોભે, તેમ મનુષ્ય ધર્મની મર્યાદામાં શોભે - **ભીખુદાન ગઢવી**
- 'સલાહ' એવી બેંકનો ચેક છે જે બેંકમાં આ એક આપનારનાનું ખાતું જ હોતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : એક ચમચી જીરામાં દેશી ગોળ મિક્સ કરીને ચાવી ચાવીને ખાવાથી સામાન્ય યુરિન ઈન્ફેકશન મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

લાલ બહાદુર શાસ્ત્રી દહેજપ્રથાના કટ્ટર વિરોધી હતા. એમને માત્ર બોલીને જ દહેજ પ્રથાનો વિરોધ કર્યો નહોતો, પણ પોતાના જીવનમાં પણ તેને ચરિતાર્થ કરી બતાવ્યો હતો. શાસ્ત્રીજીનો શ્વસુર પક્ષ ખૂબ ધનવાન હતા એ સમય એવો હતો કે જેટલું વધારે દહેજ આપે એટલી સમાજમાં પ્રતિષ્ઠા વધુ ગણાતી હતી. ઓછું દહેજ આપનારને લોકો તુચ્છ નજરે જોતા. શાસ્ત્રીજીના લગ્ન વખતે તેમના સસરાએ પ્રસ્તાવ મૂક્યો. 'જમાઈરાજ, તમને દહેજમાં હું મોટી રકમ આપવા માંગુ છું, રોકડ રકમ ન જોઈતી હોય તો કીમતી ચીજો માંગી લો. અને જેટલું વધુ દહેજ આપીશું એટલું અમારી આબરૂ અને સમાજમાં વજન વધશે.' શાસ્ત્રીજીએ એક જ લીટીમાં કહ્યું, 'દહેજ પ્રથા સમાજનું એક કલંક છે અને અનિષ્ઠ છે. માટે દહેજમાં કંઈ જ લેવાનું નથી.' શાસ્ત્રીજીએ કહ્યું, 'દહેજમાં મને એક ચરખો, અને પાંચવાર ખાદી આપો. બસ આથી વધારે મારે કંઈ જોતું નથી.' લગ્નફેરા વખતે પણ સસરા તેમજ સગાવ્હાલા શાસ્ત્રીજીને દહેજ લેવા સમજાવવા લાગ્યા ત્યારે શાસ્ત્રીજી લગ્નમંડપમાંથી ઊભા થઈ ગયા અને બોલ્યા, 'હું કોઈ દહેજ નહીં સ્વીકારું, તમારે દહેજ આપવું જ હોય તો કોઈ બીજો જમાઈ શોધી લો.' શાસ્ત્રીનો આવો પુણ્યપ્રકોપ જોઈને બધા જ ઠંડાગાર થઈ ગયા. શાસ્ત્રીજીએ માત્ર ચરખો અને ખાદીનો જ સ્વીકાર કર્યો અને મંગળફેરા પૂરા કર્યા. પોતાના દહેજ વિરોધી વિચારો, સિદ્ધાંતોનું અડગ પાલન શાસ્ત્રીજીએ જીવનપર્યંત કરી બતાવ્યું.

# સરકારી હોસ્પિટલની ઓળખ બદલીએ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત રાજયમાં અમદાવાદ ખાતે આવેલી સિવિલ હોસ્પિટલ એ દેશની જ નહીં બલકે સમસ્ત એશિયા ખંડની સૌથી મોટી હોસ્પિટલો પૈકીની પહેલી પંગતની હોસ્પિટલ છે. એની સાથે સંકળાયેલી મેડિકલ કૉલેજ પણ દેશભરની મેડિકલ કૉલેજમાં આગવી પ્રતિષ્ઠા ધરાવે છે. જયારે મેડિકલ ક્ષેત્ર માત્ર વિદ્યા અને સેવાનું જ ક્ષેત્ર ગણાતું હતું ત્યારે લોકો માટે ગુજરાતની આ હોસ્પિટલ એ ગંભીર દર્દો માટેનું અંતિમ આશ્રયસ્થાન ગણાતી હતી. દૂર દૂરથી, ગુજરાત બહારથી પણ ગંભીર એન દુ:સાધ્ય ગણાતાં દર્દોના કેસ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ઠલવાતા હતા. આપણા નેતાઓ સિવિલમાં જ સારવાર લેતા હતા. આ પરિસ્થિતિ છેલ્લા દાયકાઓ દરમિયા બદલાવા પામી છે. સિવિલ હોસ્પિટલ પ્રત્યેની શ્રદ્ધામાં દિનપ્રતિદિન ઘસારો પડતો ગયો તે ત્યાં સુધી કે લોકો પેટે પાટા બાંધીને, ઘરખેતર વેચીને કે ઉછી પાછીના કરીને પણ મોંઘીદાટ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવાનું પસંદ કરે છે. સિવિલ હોસ્પિટલ ફક્ત આર્થિક રીતે નબળા વર્ગો માટેની હોસ્પિટલોમાં ફેરવાઈ ગઈ છે. 'હોસ્પિટલ ઉદ્યોગ'ની પરંપરાએ મેડિકલ ક્ષેત્રને સેવામાંથી મેવાનું ક્ષેત્ર બનાવી દીધું છે. છેલ્લાં વર્ષો દરમિયાન અમદાવાદ જેવા મહાનગરમાં ફાઈવ સ્ટાર હોટલો કરતાં મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલોની સંખ્યા વધી જવા પામી છે. અદલ ફાઈવ સ્ટાર હોટલની પેટર્ન પર જ આવી હોસ્પિટલો ટંકશાળ પાડતી રહે છે. સરકારે પણ ખાનગીકરણને પ્રોત્સાહીત કરવાના ઉદ્દેશથી છૂટથી જમીનો ફાળવી, મંજૂરીઓ આપી. હવે સામાન્ય માણસ માટે આવી લખલૂટ નાણાં સેરવતી હોસ્પિટલોમાં સારવાર લેવાનું કે એમની સાથે ઍટેચ લખલૂટ ફીવાળી મેડિકલ કૉલેજોમાં પોતાનાં સંતાનોને ભણાવવાનું સ્વપ્નવત જ બની ગયું છે. છતાં નાછૂટકે એ તણાઈ - ખેંચાઈને એવાં જોખમ ખેડી પણ લે છે કારણ કે સિવિલની તો એના મગજમાં છાપ જ ખરડાઈ ચૂકી છે. સામાન્ય માણસ માટે આશીર્વાદરુપ ગણાતી સિવિલ હોસ્પિટલ કોરોનાકાળમાં સૌથી વધારે પ્રમાણમાં વગોવાઈ છે. ગુજરાતમાં સૌથી વધારે મૃત્યુ સિવિલ હોસ્પિટલમાં નોંધાયા છે. એમાં ૧૨૦૦ બેડ છે, પરંતુ દર્દી શક્ય હોય ત્યાં સુધી સિવિલમાં દાખલ થવાનું ટાળે છે. સિવિલની સરખામણીમાં સરદાર વલ્લભભાઈ પટેલ હોસ્પિટલી પ્રતિષ્ઠા સારવારથી લઈ સાજા થવા સુધી ઊંચી રહી છે. એથી પણ ઊંચી પ્રતિષ્ઠા ખાનગી ટ્રસ્ટો અને માલિકીવાળી હોસ્પિટલોની છે. મરવા માટે પણ માણસ સારી હોસ્પિટલ શોધવા લાગ્યો છે. કોરોનાગ્રસ્ત ઉચ્ચ આવક ધરાવતા વર્ગના દર્દી સિવિલ સામે નજર પણ કરવા તૈયાર નથી. સરકાર સાથે સંકળાયેલા રાજપુરુષો કે અધિકારીઓ આજથી બે-અઢી દાયકા પૂર્વે સિવિલમાં જ શ્રેષ્ઠ સારવાર મળશે એવી શ્રદ્ધા ધરાવતા હતા. આજે એ શ્રદ્ધા નામશેષ થઈ ચૂકી છે. કોરોના પોઝિટિવ થયેલા આપણા વર્તમાન ગુજરાતના કોઈ નેતા અમદાવાદની આ ઈમેજ ગુમાવી બેઠેલા હોસ્પિટલમાં પગ મૂકવા તૈયાર નથી. આ બાબત ઘણી જ ગંભીર લેખાવી જોઈએ. આજકાલ સિવિલની કોવિડ-૧૯ માટે ફળવાયેલ મોટા બાગની પથારીઓ સૂની પડી છે. ગુજરાત હાઈકોર્ટો પણ રાજયની આ સૌથી મોટી હોસ્પિટલમાં મળતી સારવારની ગુણવત્તા વિશે ગંભીર નિરીક્ષણો કર્યા હતાં. શું આ પરિસ્થિતિ પરત્વે રાજયના આરોગ્ય વિભાગે તાકીદે ધ્યાન આપવા જેવું નથી ? કે પછી એ પણ સિવિલ હોસ્પિટલના રેઢિયાળ તંત્ર સામે આંખ મિચામણાં કરી દર્દીઓને ખાનગી હોસ્પિટલોના જ હવાલે કરવા કૃતસંકલ્પ છે ? રાજયની કલ્યાણ રાજય તરીકેની ઈમેજ એની આરોગ્ય વિષયક સેવાઓ પર સવિશેષ નિર્ભર રહે છે. આજે ગુજરાતના દરેક જિલ્લામાં સિવિલ હોસ્પિટલો ચાલે છે અને ત્યાં પણ એમની આવી જ નબળી ઈમેજ પ્રવર્તે છે. રાજય સરકારે આ મુદ્દે તાકીદે ધ્યાન આપવું જરૂરી છે.

# મનના સુખ માટે શું જરૂરી છે, તે તમારે નક્કી કરવાનું છે



**નવાં કલેવર**

નટવર હેડાઉ

શિક્ષક વર્ગખંડમાં આવ્યા. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે આજે તેઓ જીવનનો એક મહત્ત્વપૂર્ણ પાઠ ભણાવવાના છે. તેમને પોતાની સાથે લાવેલ પારદર્શક કામની એક મોટી બરણીને ટેબલ પર મૂકી અને ટેબલ ટેનિસની દડીઓ તેમાં નાંખવા લાગ્યા. અને તે ત્યાં સુધી નાંખતા રહ્યા જયાં સુધી તેમાં એક પણ વધુ દડી સમાઈ શકે તેવી જગ્યા ન રહી, પછી તેમને વિદ્યાર્થીઓને પૂછ્યું, 'શું બરણી ભરાઈ ગઈ ?'

'હા' અવાજ આવ્યો.

પછી શિક્ષકે નાના નાના કાંકરા તેમાં ભરવાની શરુઆત કરી. બરણીને થોડી થોડી હલાવતા ગયા. એટલે ઘણા બધા કાંકરા તેમાં જે જગ્યા થઈ તે ખાલી જગ્યામાં સમાઈ ગયા. પછી શિક્ષકે પૂછ્યું 'શું' હવે બરણી ભરાઈ ગઈ? વિદ્યાર્થીઓએ ફરી કહ્યું, 'હા' હવે શિક્ષકે એક રેત ભરેલી થેલીમાંથી ધીમે ધીમે બરણીમાં રેત નાંખવાની શરૂઆત કરી. તે રેતી પણ બરણીમાં જયાં જગ્યા હતી. તેમાં સમાઈગઈ. હવે વિદ્યાર્થીઓ પોતાની અણસમજ પર હસ્યા.

ફરી એકવાર શિક્ષકે પૂછ્યું, 'શું હવે તો આ બરણી આખી ભરાઈ ગઈને?' 'હાં, હવે તો પુરી ભરાઈ ગઈ છે. બધાએ એક સ્વરે કહ્યું. તે દરમિયાન પટાવાળો આવીને ચ્હાનો ભરેલા બે કપ ટેબલ પર મુકી ગયો. શિક્ષકે તેમાંથી ચ્હા બરણીમાં રેડવા માંડી. ચ્હા પણ રેતની વચ્ચે રહેલ થોડી જગ્યામાં શોષાઈ ગઈ.'

શિક્ષકે હવે ગંભીર અવાજમાં સમજાવવાનું શરૂ કર્યું. આ કાચની બરણીને તમે લોકો તમારું જીવન સમજો. ટેબલ ટેનિસની દડીઓ સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ અર્થાત્ ઈશ્વર, કુટુંબ, બાળકો, મિત્રો, તંદુરસ્તી અને શોખ છે. જે નાના છોકરાં છે તે તમારી નોકરી, ધંધો, કાર મોટું મકાન વિગેરે છે. અને રેતીનો અર્થ અન્ય ઘણી નાની નાની વાતો, જરૂરિયાતો, વૈમનસ્ય અને ઝગડા છે.

હવે જો તમે કાચની બરણીમાં સૌથી પહેલ રેત ભરી હોત તો ટેબલ ટેનિસની દડીઓ અને કાંકરા માટે જગ્યા રહેત નહીં. અથવા જો કાંકરા ભરી દીધા હોય તો દડીઓ ભરી ન શકાય. રેતી જરૂરથી સમાઈ શકત. બસ આજ વાત જીવનને પણ લાગુ પડે છે. જો તમે નાની નાની વાતોની પાછળ પડ્યા રહેશો અને તમારી શક્તિઓને તેમાં નષ્ટ કરતા રહેશો તો તમારી પાસે મુખ્ય વાતો માટે વધુ સમય બચશે નહીં. મનના સુખ માટે શું જરૂરી છે. તે તમારે નક્કી કરવાનું છે. પોતાના બાળકો સાથે રમો, બગીચામાં પાણી છાંટો, સવારે પત્ની સાથે ફરવા નીકળી પડો. ઘરના નક્કામી વસ્તુઓને બહાર કાઢી ફેંકો, મેડિકલ ચેકઅપ કરાવો, ટેબલ ટેનિસની દડીઓની ફીકર પહેલાં કરો, તે મહત્ત્વપૂર્ણ છે. પહેલા એ નક્કી કરો કો શું જરૂરી છે. બાકી બધું તો રેતી છે.' વિદ્યાર્થીઓ ખુબ ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

અચાનક એક વિદ્યાર્થીએ પૂછ્યું, 'સર, પરંતુ તમે એ તો બતાવ્યું જ નહીં કે ચ્હા ને બે કપ શું છે?'

શિક્ષક હસ્યા અને બોલ્યા. 'હું વિચારતો જ હતો કે હજુ સુધી કોઈએ આ પ્રશ્ન કેમ ન પૂછ્યો.'

તેનો ઉત્તર એ છે કે 'જીવન આપણને ગમે તેટલું પરિપૂર્ણ અને સંતોષદાયક લાગે પણ પોતાના ખાસ મિત્રોની સાથે બે કપ ચ્હા પીવાની જગ્યા હોવી જોઈએ.'

# આપણી અંગત વાત મૂકવાના ઠેકાણા ઘટતા જાય છે



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી

એક લોકકવિ, એક લોકશિક્ષક, એક લોકસાહિત્યકાર તરીકે જેમણે નામના કાઢી હતી, કચ્છની પાઠશાળામાં જેમણે અભ્યાસ કર્યો હતો અને લીંબડી રાજયના રાજકવિ તરીકે ગૌરવશાળી સ્થાન પામ્યા હતા એવા શંકરદાન ગઢવીનો એક દુહો છે;

અંતરનાં ઊંડાણની કોક
વેધુને કહેવાય
ચોરે ના ચર્ચાય ચિતની
વાતું શંકરા.

કોઈ બીજાં એક ભજન પંકિત છે;

અધૂરીયાથી ન કરીએ
દિલડાની વાત,
નર પૂરા મળે તો રાવું
રેડીએ.

ઉપરોક્ત દુહો અને ભજનની પંકિત બંનેમાં માનવીનાં અંતરની વાત, દિલડાની વાત, અંગત વાત કોને કહી શકાય અને કોને ના કહી શકાય તેની સુંદર, લોકભાગ્ય ભાષામાં વાત કરી છે.

આ વિશ્વમાં કોઈપણ વ્યકિત એવી નહીં હોય જેની પોતાની અંગત વાતો ના હોય, જેની પોતિકી વાતો ના હોય.

આમ જોઈએ તો પોતાની અંગત વાત વ્યકિત કોઈને કહી દે એટલે એ વાત અંગત નથી રહેતી. આમ છતાં દરેક વ્યક્તિ પોતાની અંગત વાતો કોઈને કહેવા માટે મોટેભાગે ઉત્સુક હોય છે અને વ્યક્તિ એવું પણ માણતી હોય છે કે કોઈ એવી અંગત વ્યક્તિને પોતાની વાત કહેવાથી પણ એ વાત અંગત જ રહેશે. વ્યક્તિને એવો વિશ્વાસ હોય છે કે જે અંગત વ્યક્તિને પોતાની વાત કહેશે તેનાથી આગળ એ વાત નહીં જાય, ત્યાંથી એ વાત બહાર જાય નહીં. વ્યકિત પોતાની અંગત વાત કોઈને કહે છે તો પણ તેનાં મનનાં ઊંડાણમાં એવો એક ડર, એવો એક ભય તો રહેલો જ હોય છે કે વાત અન્ય કોઈ સુધી પહોંચી જશે તો ?

ઉપરોક્ત દુહામાં કવિ શંકરદાન એ જ વાત કરે છે કે ચિંત્તની વાતું ચોરેના ચર્ચાય. મતલબ કે કોઈપણ વ્યકિતને જાણ્યા-પારખ્યા વિના પોતાની અંગત વાત ન કરાય. ભૂલે ચૂકે પણ વ્યકિતને જાણ્યા-પારખ્યા વિના જો આપણી ચિતની અંગત વાત કરી દીધી તો એ વાત ગામના ચોરા સુધી પહોંચવાની અને વાત ચોરે જઈને ચર્ચાવાની જ. પેલા ભજનમાં એ જ વાત જુદી રીતે વ્યક્ત થઈ છે કે અધૂરીયાથી ન કરીએ દિલડાની વાત. એનો અર્થ એ થયો કે જે લોકો કોઈપણ પ્રકારની વાત પોતાના પેટમાં સંગ્રહ ન કરી શકે, જે લોકો અધૂરીયા જીવ વાળા હોય, જે લોકો ધીરજ વગરનાં હોય એવા લોકોને આપણી અંગત વાતોથી હમેશાં દૂર રાખવા જોઈએ. આપણે ભૂલથી કે અજાણતા પણ એવી અધીરી વ્યકિતને આપણી અંગત વાત કરી દીધી તો પત્યુ, એ વાત ચોરેને ચૌટે પહોંચીને મલક આખામાં ચર્ચાય જશે.

મારા અગાઉના લેખ 'જો જો, વાત બહાર જાય નહીં' ના પ્રતિભાવ રૂપે એક નવું વિચારબીજ આપનાર અને ઉપરોક્ત દુહો અને ભજનની પંકિત તરફ નિર્દેશ કરનાર માંડવી કચ્છનાં લોક સાહિત્યકાર શ્રી ગોરધન પટેલ 'કવિ' એ પણ સુંદર વાત કરી. એમણે કહ્યું કે આપણાં નાણાં કે ઘરેણા મૂકવા માટે કબાટ અને તિજોરીઓ છે, બેંકમાં પણ દાગીના કે અન્ય જણસો અને દસ્તાવેજો મૂકવા માટે લોકર ની સુવિધા ઉપલબ્ધ છે. આમ, કિમતી ભૌતિક વસ્તુઓ સલામત રીતે મૂકવાના ઘણા ઠેકાણા છે. આવી સુવિધાઓ દિન-પ્રતિદિન વધતી પણ જાય છે પણ અફસોસ એ વાતનો છે કે આપણાં મનની વાત મૂકવાના ઠેકાણા ઘટતા જાય છે. ક્યારેક તો એક પણ ઠેકાણું આપણને મળતું નથી હોતું ત્યારે પ્રશ્ન થાય છે કે આપણાં મનની વાત મૂકવી ક્યાં?

મારા એક સહકર્મચારીએ પણ મને કંઈક આવો જ પ્રશ્ન પૂછ્યો કે ''આપણી અંગત વાતો આપણે કોને કહેવી? અંગત કહી શકાય એવા મિત્રો તો હવે રહ્યા નથી. હોય તો પણ આપણાથી દૂર હોય. આજના યુગમાં આપણે વધુમાં વધુ સમય આપણાં સહકર્મચારીઓ કે સહ-વ્યવસાયિકો સાથે વિતાવીએ છીએ અને બાકીનો સમય આપણાં અંગત કુટુંબીજનો સાથે તો આપણાં હદયને ઠાલવવું ક્યાં?

આ પ્રશ્નના સચોટ ઉત્તર પણ આપણને પેલા દુહા અને ભજનમાંથી મળે છે. કવિ શંકરદાન કહે છે આપણી અંતરની વાત, મનનાં ઊંડાણની વાત કોઈ વેધુને કહેવાય એટલે કે જાણકારને કહેવાય. જે રીતે આપણી કોઈપણ જાતની બીમારી કે વ્યાધીની વાત જાણકાર વૈધને કહી છીએ એમ આપણી અંગત વાત પણ વેધુ એટલે કે જાણતલને જ કહેવાય. જાણતલ કે જાણકાર એટલે એવી વ્યક્તિ જેણે જિંદગીને જાણી હોય, જીવનને સમજયું હોય, જીવનની ગોપનીય વાતોના મહત્વને સમજતા હોય. કોઈની અંગત વાતો બહાર પડી જાય તો તેનાથી એ વ્યકિતને કેટલું નૂકશાન થઈ શકે એવો અંદાજ લગાવી શક્તી હોય એવી જ વ્યકિતને અંગત વાત કહેવી જોઈએ. એ વ્યકિત આપણી કુટુંબીજન હોય શકે, આપણા સ્નેહી સંબંધી હોય શકે, આપણાં મિત્ર હોય શકે, આપણાં સહ-કર્મચારી હોય શકે અને આપણાં શુભેચ્છક પણ હોય શકે.

આજે આપણાં સૌના જીવનમાં આપણાં મનની વાત મૂકવાના ઠેકાણાની અછત વરતાઈ રહી છે એવી આપણાં સૌની ફરિયાદ છે. આ પ્રકારની ફરિયાદ કરતાં પહેલા આપણે સૌ પ્રથમ આપણી જાતને તો એક પ્રશ્ન-તો પુછવો જ જોઈએ કે ''આપણી કોઈ અંગત વ્યકિતની અંગત વાત મૂકવા માટે હું એક સલામત ઠેકાણું છું?'' જો આ પ્રશ્નનો નકારાત્મક ઉત્તર મળે તો માની લેવું કે આપણી અંગત વાત મૂકવા માટે આપણાં માટે આ જગતમાં કોઈ જ સલામત ઠેકાણું નથી. આપણાં પ્રશ્નનો પ્રમાણિક ઉત્તર જો હકારાત્મક મળે તો એવું માની શકાય કે આપણાં માટે પણ આપણી અંગત વાત મૂકવાના ઘણા સલામત ઠેકાણા છે. વાત માત્ર વિશ્વાસની છે, ભરોસાની છે, શ્રદ્ધાની છે. આપણે કોઈ વ્યકિત માટે જો ભરોસાપાત્ર હોઈએ તો એ વ્યકિત આપણાં માટે ભરોસાપાત્ર હોય જ. આપણે કોઈનો ભરોસો ન તોડીએ તો આપણો ભરોસો કોઈ ન તોડે એટલો તો ભરોસો રાખવો જ પડે. આપણે જો એક પણ વ્યક્તિ માટે ભરોસાપાત્ર ના હોઈએ તો સ્વાભાવિક છે કે આપણાં માટે પણ એકપણ વ્યક્તિ ભરોસાપાત્ર ના હોય. આવી પરિસ્થિતી હોય તો પછી આપણને ભગવાન જ બચાવે અને આવી પરિસ્થિતિમાં આપણે એકલા, અટુલા, ગુમનામ જીંદગી જ વિતાવવી પડે અને આપણાં મનની અંગત વાતોને મનમાં જ ભંડારીને રાખવી પડે.

# હજી સાધુતાની અંદર સર્પો બેઠા છે, જાગૃત થઈશું?



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આ દુનિયા એટલી બધી વિચિત્ર અને વિસ્મયતાથી ભરેલી બની ગઈ છે કે શાણો માણસ પણ ખુબ સચેત હોવા છતાં અફસોસ કરવાનો સમય કઈ રીતે આવી પડે છે તે સમજી શકાતું નથી! જે જેવો લાગતો હોય તેવો હકિકતમાં હોય જ નહીં અને ઘણીવાર વિશ્વાસના પુષ્પો મૂકી પૂજવાની માનસિકતાથી ચાલતા હોઈએ અને એવી જબરી ઠેસ પહોંચે કે આંસુ પણ નીકળી શકે નહીં એન રૂદન અવિરત ચાલુ થઈ જતું હોય તેવી વાસ્તવિકતા જોવા મળે છે. આ બાબતે કહી શકાય કે બહુરુપી વ્યક્તિત્વોની બોલબાલા ઊભી થઈ છે! ચમકતું અને પીળું બધું સુવર્ણ હોતું નથી. ભારતની પરંપરામાં શ્રદ્ધા એક બહુ મૂલ્યવાન તત્ત્વ જીવનમાં સર્વાધિક જોવા મળે છે. શ્રદ્ધા મૂર્તિમાં, સ્થાનકમાં, વ્યક્તિમાં, પરંપરાગત વિધિઓ કે રિવાજોમાં જોવા મળે છે જે જીવન ને શક્તિ પણ પ્રદાન કરેછે અને શક્તિ મેળવનારને આપણે આસ્તિક કહીએ છીએ.

હો શ્રદ્ધાનો વિષય તો પુરાવાની કયાં જરૂર છે એમ આપણે સાહિત્યમાં પણ સ્વીકાર્યું છે. હવે મહત્ત્વની વાત જે કરવાની છે તે વ્યક્તિ કઈ બાબત ઉપર કે કઈ વ્યક્તિ, સંસ્થા કે પ્રથા ઉપર કેટલી શ્રદ્ધા શા માટે રાખે છે? તે મહત્ત્વનો ચિંતન કરવાનો વિષય છે. સાંસારિક લોકો ઈશ્વર, ભગવાન, ખુદા કે કુદરતના કોઈ સ્વરુપ ઉપર પુષ્કળ શ્રદ્ધા રાખે છે અને આ જે શ્રદ્ધેય ક્ષેત્ર છે ત્યાં અન્ય લોકો પણ સંકળાયેલા હોય જ છે! આપણે શ્રદ્ધા - અંધશ્રદ્ધાની પાતળી ભેદરેખા ને પરખવામાં થાપ ખાઈ જતા હોઈએ છીએ. ધારણ કરવામાં આવે તે ધર્મ છે અને ધર્મની નીચે વિવિધ સંપ્રદાયો પણ જોવા મળે છે અને આ બધું પરંપરાગત ચાલતુ જ રહે છે. માણસ ઈશ્વરની શક્તિમાં માન્યતા રાખે છે એ જ મોટી અને સારી હકિકત છે પરંતુ ધર્મ-સંપ્રદાયની સાથે સંલગ્ન જે કોઈ લોકો છે એ બધા જ ઉમદા પવિત્ર મહાન અને ઉચ્ચ હોય તેની કશી ગેરન્ટી નથી હેતી.

કોવિડની મહામારીના માહોલમાં પણ જૂન ૨૦૨૦માં જે ત્રણથી ચાર ઘટના જે જાહેરમાં આવી એ જોઈને દિલને ઠેસ વાગી, જે લોકો સમજી વિચારીનો સંસારના સુખ-દુ:ખને ત્યજીને વૈરાગ્ય ધારણ કરે છે પછી એ શ્વેત વસ્ત્રો ધારણ કરે કે ભગવા એ મહત્ત્વનું નથી. પરંતુ સાધુતાના માર્ગે જીવને ભક્તિ જપ-તપ-સાધના-પૂજા આરાધનામાં મૂક્યા પછી સંસારના લોકો તો એમને પૂજનીય પવિત્ર ગણે છે. તેમ કરવામાં કોઈ ભૂલ પણ નથી. સાધુ બન્યા પછી સીધું રહેવું એ વૈરાગ્યની કસોટી હોય છે. અર્થ અને કામ - આ બે એવા આંતર શત્રુઓ છે ખાસ કરીને જેણે સંસારનો સ્વયં ત્યાગ કર્યો હોય તેઓ માટે !! ગૃહસ્થાશ્રમને ધન્ય માનવામાં આવ્યો છે કેમ કે સંસારમાં રહીને વ્યક્તિએ જીવનના ચાર પુરુષાર્થને પામવાના છે શ્રેય અને પ્રેયની દ્વિધા ડગલેને પગલે સામે પ્રતિદિન આવતી જ રહે છે. અંતમાં પ્રભુ મય મન શુદ્ધ થઈને જોડાય ત્યારે મોક્ષના દ્વાર ખુલી જાય છે. બીજી તરફ જેમણે સંસારને ત્યજી દીધો છે. એ લોકો પણ શક્તિશાળી મનની ચાલમાં હારી જતા હોય ત્યારે એ વિકૃતિનું સર્જન કરવામાં એક પાત્ર બની જતા હોય છે. અત્રે એ પણ નોંધનીય છે કે બધા લોકો નબળા કે વિકૃત થઈ જતા નથી કે ખરાબ હોતા નથી. સાધુતા વસ્ત્રો બદલવાથી કે ઘરનો ત્યાગ કરવાથી આવે જ નહીં. કળિયુગના પ્રભાવમાં ભૂતકાળમાં ભારતમાં આપણે જોઈ ચૂક્યા છીએ કે મહાનતાના શિખરે હોય તેવા પ્રકારના સાધુ કે મહાત્મા જેવી જાતિયતાની કે વાસનાની પૂર્તિમાં બદનામ થયા કે કાયદાની ઝપેટમાં ભૂંડા હાલથી પીડાઈ રહ્યા છે. વાસના - કામેચ્છા એ અતિ શક્તિશાળી સંવેદના છે તેમાંથી વિરક્ત થવું ખુબ કઠીન છે. બીજું પ્રભાવ વધે અર્થ ઉપાર્જન સ્વયં પ્રાપ્ત થવા લાગે પછી માનવનું મન અંદરથી પીડા સર્જન કરે જ છે પછી નબળી ક્ષણો સાધુતાને પરાસ્ત કરવામાં હાવી થઈ જાય છે. ઘણી વખત સાધુતાની સચ્ચાઈ હોય તો ભક્તગણ પૈકી નબળું વિજાતિય પાત્ર પણ અનિચ્છનીય સ્થિતિને અંજામ આપવા પણ આગળ વધે છે. સ્ત્રી-પુરુષના ઐક્યને ઈશ્વરે જ અંજામ આપેલો છે. તે યાદ રાખવું જ પડે !

ગૃહસ્થી એ પણ સ્વયં ને અંકુશિત કરતા રહેવું પડે છે અને અત્યારના સોસિયલ મીડિયાના માહોલમાં જે વ્યક્તિ મનફાવે તેમ રહેવા લાગે તો પછી સમાજમાં હત્યા, વેર, આડા-ઊભા વિજાતિય સંબંધો વધતા જ જાય છે ત્યારે જે લોકો કોઈ પણ ધર્મ કે સંપ્રદાયમાં દિક્ષાગ્રહણ કર્યા બાદ મનથી ઈશ્વર સાથે પ્રીતિ કરવાના બદલે સંસારના લોકો જોડે બધા વ્યવહારો કરવા લાગે તો વાસનાનો વાઈરસ તેને સંક્રમિત કર્યા વગર રહેતો નથી. ભક્તિ કરવી સહેલી નથી અને સાધુતા નિભાવવી પણ અગ્નિપરીક્ષા જ હોય છે ! મહિલાઓની કોઈ પણ નબળાઈ કે વિકૃતિ આ બાબતે અગ્નિમાં ઘી હોમવાનું કાર્ય કરી જાય છે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી એ ઉમદા તત્ત્વ છે પણ જયાં જયાં માનવી જે કોઈ રુપ-સ્વરુપમાં છે ત્યાં સાવધાન રહેવું જ પડશે. બદલાતા સમયનો પણ કુપ્રભાવ સર્વત્ર છે તેથી પ્રત્યેક વ્યક્તિએ જાગૃત થવું પડશે. સાધુતા ને શોભાયમાન રાખવી એ ત્યાગીઓની પ્રથમ જવાબદારી છે. તો સંસારી લોકોએ અંધશ્રદ્ધાથી બચવું એ પ્રથમ કર્તવ્ય છે! ત્યાગી પાસે જઈ વાસનાપૂર્તિ કરવા જે કોઈ જાય છે એ બધાની નજરે અપરાધી બની જાય છે, કાયદો તો પછી આવે છે. જાગૃત થઈશું હવે ?

**શેર આસ્વાદ :**

"વક્ત સે પહેલે બોલે ગયે શબ્દ
ઔર મૌસમ સે પહેલે તોડે ગયે ફલ
દોનો હી વાસ્તવ મેં વ્યર્થ હૈ..."